INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૬-૦૩-૨૦૨૬**

રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ સવાલ કર્યો હતો કે **જે લોકો વન નેશન વન ઈલેક્શનની વાતો કરતા હતા તે વન ડિસ્ટ્રિક્ટ વન ક્રિકેટ એસોસિયેશન કરવામાં કેમ અસફળ? બનાસકાંઠા જિલ્લામાં બબ્બે ક્રિકેટ એસોસિયેશન છે ત્યારે ક્રિકેટરો દુવિધામાં છે કે ગુજરાત ક્રિકેટ એસોસિયેશન માન્યા ડિસ્ટ્રિક્ટ એસોસિયેશન કયું છે ?** બનાસકાંઠા ક્રિકેટ એસોસિયેશન દ્વારા ૨૪ માર્ચના રોજ પાલનપુર ખાતે કિંગ જ્યોર્જ V કલબમાં અંડર ૨૩ ની ટીમનું સિલેકશન રાખવામાં આવ્યું હતું જેમા ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના સિલેક્ટરો આવ્યા હતા. જ્યારે ડીસાના પૂર્વ ધારાસભ્ય અને ભાજપ નેતા શશિકાંત પંડ્યા દ્વારા સ્થાપિત એસોસિએશન ૨૭ માર્ચના રોજ ડીસા ખાતે સ્પોર્ટ્સ કલબમાં અંડર ૨૩ની ટીમનું સિલેકશન કરશે, તેના ગુજરાત ક્રિકેટ એસોસીએશનના સિલેક્ટરો સિલેક્શન માટે આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. બનાસકાંઠા ક્રિકેટ એસોસિયેશન બે મહિનાથી વિવાદ માં છે. **બનાસકાંઠા ક્રિકેટ એસોસિયેશન ના પ્રમુખ અને ડીસાના પૂર્વ ધારાસભ્ય શશિકાંત પંડ્યા વિરુદ્ધ ફેબ્રુઆરી મહિનામાં ૬૮ સભ્યોએ અવિશ્વાસ નો પ્રસ્તાવ મૂક્યો હતો, જે બે તૃતિયાંશ બહુમતી થી પસાર થયો હતો.** તેથી શશિકાંત પંડ્યા ને પ્રમુખ તરીકે ગણી શકાય નહીં તેવી વાત સામે આવે છે. **શશિકાંત પંડ્યા દ્વારા વર્ષ ૨૦૨૫ બનાસકાંઠા ક્રિકેટ એસોસિયેશન નામનું ટ્રસ્ટ કરાવ્યું હતું જેમાં સભ્ય તરીકે તેમના ભાઈ અને ટેકેદારોને લીધા હતા તે વિરુદ્ધ દશકો જુના ગુજરાત ક્રિકેટ એસોસિયેશન માન્ય ધ બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસીએશન નામની સંસ્થામાંથી પ્રમુખ પદે હટાવવા માટે અવિશ્વાસનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.** ક્યારેય ગુજરાત ક્રિકેટ એસોસિયેશન દ્વારા ખાનગી સંસ્થાઓ દ્વારા આયોજિત સિલેકશન પ્રક્રિયામાં સિલેક્ટર્સ મોકલવામાં આવે છે? શું રણજી ટ્રોફી જેવી પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ ભાગ લેવા ઈચ્છુક પ્રોમિસિંગ ક્રિકેટરો કયા સિલેકશન પ્રક્રિયામાં જવાનું, ડીસા કે પાલનપુર તે સવાલ છે. **ગુજરાત ક્રિકેટ એસોસિયેશન જાહેર કરે કે સાચું બનાસકાંઠા ક્રિકેટ એસોસિયેશન કે જે વર્ષ ૨૦૨૫માં રજિસ્ટર થયું તે કે દશકો થી અંડર ૧૪ અંડર ૧૬ અંડર ૧૯ નું સિલેકશન કરે છે તે ?** કેન્દ્રિય મંત્રી અમિતભાઈના દીકરા જેમાંથી છેક આઈસીસી સુધી પહોંચ્યા તેજ ગુજરાત ક્રિકેટ એસોસિયેશનની નીચે આવતા બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસીએશનમાં ચાલતા વિવાદ ઉપર તાત્કાલિક ગુજરાત ક્રિકેટ એસોસિયેશન ખુલાસો કરવો જોઈએ. **ગુજરાતના ભાવિ ક્રિકેટરો, ક્રિકેટ એસોસિયેશનની ચાલતી રાજનીતિ લીધે ભોગ બને તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે.** શશીકાંતભાઈ પૂર્વ ધારાસભ્ય હતા પણ સારા ક્રિકેટર હતા ખરા તે સવાલ છે? જેમને ક્રિકેટનો અનુભવ ના હોય તેવા રાજકીય લોકો રમતમાં રાજકારણ લાવી ખેલાડીઓ ની મેહનત ઉપર પાણી ફેરવી નાખે છે.

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા,
મો. 9898134146